## 'ધ ટાર્ગેટ'નો દાવો

# 'એનએસઇએલ કટોકટી પાછળ રાજકીય કાવતરું હતું'

મુંબઈ, તા. ૨ : નેશનલ સ્પોટ એક્સચેન્જ લિ. (એનએસઇએલ)માં ઊભી થયેલી પેમેન્ટ કટોકટી વાસ્તવમાં જિજ્ઞેશ શાહે સર્જેલા ધંધાકીય સામ્રાજ્યને તોડી પાડવાના રાજકીય કાવતરાનો ભાગ હતી એમ એક સંશોધનાત્મક પુસ્તક 'ધ ટાર્ગેટ' જણાવે છે.

દિલ્હીસ્થિત વરિષ્ઠ પત્રકાર શાંતનું ગુહારેએ આ પુસ્તકમાં એવું પ્રતિપાદન કર્યું છે કે જિજ્ઞેશ શાહે માત્ર દસ વર્ષના ગાળામાં ભારત, સિંગાપોર, દુબઇ અને આફ્રિકામાં આંતરરાષ્ટ્રીય કક્ષાના એક્સચેન્જ સ્થાપીને વિરાટ નાણાકીય સામ્રાજ્ય ઊભું કર્યું હતું.

બજારોનાં લોકતાંત્રિકરણથી જેમની ઇજારાશાહી તૂટી તેવાં સ્થાપિત હિતોએ રાજકીય નેતાગીરીના પીઠબળથી તેમને પછાડવા માટે કાવતરું કર્યું હતું, એમ ગુહારેનું પુસ્તક જણાવે છે. પુસ્તકનું આમુખ સુહેલ શેઠે લખ્યું છે અને દિલ્હીની ઓવર્સ અપફ્રન્ટ સંસ્થા તેનું વિતરણ કરી રહી છે.

અંગ્રેજી પુસ્તક તેમ જ તેના ગુજરાતી અનુવાદને વાચકો તરફથી ખૂબ સારો આવકાર મળ્યો છે.